# પ્રકરણ : ૧૧

## મોરારજીભાઈના પરિવારમાં અપમૃત્યુની પરંપરા -કેરસી દેબુ

મોરારજીભાઈનું અંગત જીવન મહદ અંશે કરૂણતા સભર રહ્યું. મોરારજીભાઈના જન્મ પહેલાથી શરૂ થયેલી પરિવારમાં અપમૃત્યુની પરંપરા જીવનના અંત સુધી ચાલુ રહી. મોરારજીભાઈના પિતાશ્રી રણછોડભાઈની પહેલી પત્નીએ આત્મહત્યા કરી હતી. મોરારજીભાઈના પિતાએ પણ મોરારજીભાઈના લગ્નના ત્રણ-ચાર દિવસ પહેલાં કૂવામાં પડી આત્મહત્યા કરી હતી. મોરારારજીભાઈના એક બહેન દિવાળીના ફટાકડા ફોડતા ગંભીર રીતે દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. મોરારજીભાઈના બે સગીર બાળકો નાની ઉંમરમાં ગુજરી ગયા હતા. મોરારજીભાઈના પુત્રી ઈન્દુએ અગ્નિસ્નાન કરી આત્મહત્યા કરી હતી અને છેલ્લે મોરારજીભાઈના અંતિમ દિવસોમા પણ આ પરંપરાએ પીછો છોડયો નહતો અને તેઓના પુત્રવધુ પદમાબેને પણ મોતની છલાંગ લગાવી હતી. આમ, મોરારજીભાઈ જીવનના અંત સુધી કૌટુંબિક કરૂણતાની વેદના ભોગવતા રહ્યા.

મોરારજીભાઈ પોતાની આત્મકથામા પિતાના મૃત્યુ અંગે લખે છે કે,

૧૯૧૧ ના ફેબ્રુઆરીની શરૂઆતમાં મારૂં લગ્ન થયું. મારા માતાપિતા તે વખતે લગ્ન માટે આવ્યા અને વલસાડમાં મદન ફળિયામાં અમારા વડીલોપાર્જીત ઘરમાં અમે રહેતાં હતાં. મારૂં લગ્ન થવાનું હતું તેના બે દિવસ અગાઉ સાંજે અમારા ઘરથી ચોથે ઘરે એક સહાધ્યાયીના ઘરમાં હું બેઠો હતો. સાંજે સાત સાડા સાતનો સમય હતો. મારા પિતાએ મને જમવાને માટે હાક પાડી. હું તરત જ ઘરમાં ગયો અને જેવો ઘરના પાછળના ભાગમાં જમવા માટે ગયો. ત્યાં જ અમારા ઘરની પાછળ લગભગ પચાસેક કદમ દૂર એક કૂવો છે. તેમાં કોઈ પડયું છે એવી એક બૂમ પડી. મારા પિતા મને જમવા માટે હાક પાડયા પછી તરત જ ઘરની પાછળ ગયા હતા. બૂમ સાંભળીને મારી બાને ધ્રાસકો પડયો એટલે અમે સૌ ત્યાં ગયાં અને ત્યાં જોયું તો મારા પિતા જ કૂવામાં પડયા હતા. અમારા ઘરની પાછળ હળપતિઓનો વાસ હતોપણ કર્મસંજોગે તે પ્રસંગે તેઓ કોઈ ઘરમાં ન હતા અને પિતાને બહાર કાઢવાને માટે કોઈ માણસો તરત મળ્યા નહીં. એમને આખરે જયારે બહાર કાઢવામાં આવ્યા ત્યારે તેઓ મૃતદશામાં જ હતા. આ આત્મહત્યા જ હતી તે તો સાફ હતું પણ એનું કારણ કોઈ કલ્પી શકયું ન હતું.

મારા પિતા સ્વભાવે અત્યંત સ્વાભિમાની, શાંતપ્રિય હતા અને કોઈની નિંદામાં કે ખટપટમાં પડતા નહીં. કોઈની સાથે એમને વેર કે ઝઘડો ન હતો. ઘરમાં પણ કોઈ કલેશ થયો હોવાનું કોઈ ચિહ્ન ન હતું. પણ વરસ દોઢ વરસથી એમને ‘મેલન્કોલિયા’ નામનો માનસિક રોગ થઈ ગયો હતો એટલે ખૂબ જ મૌન રહેતા હતા અને કંઈક ગમગીન પણ રહેતા હતા. એને પરિણામે માનસિક અસ્થિરતામાં એમણે આ પગલું લીધું હશે એમ કહી શકાય. એ સિવાય બીજું કોઈ કારણ કોઈ બતાવી શકયું નહીં પણ એનાથી મારૂં કુટુંબ ભારે આપત્તિમાં આવી પડયું. ત્રીજે જ દિવસે લગ્ન હતું. એ વિષે પણ એક કોયડો ઉભો થયો. મારા સસરાએ કહેવડાવ્યું કે લગ્ન નક્કી થઈ ગયું છે અને ધર્મક્રિયા શરૂ થઈ ચુકી છે એટલે આ કામ પૂરૂં જ કરવું

જોઈએ. મારા માતામહ એકવચની હતા અને કોઈપણ ભોગે વચન પાળવામાં માનતા હતા એટલે લગ્ન પૂરૂં કરવાને માટે એમણે કહ્યું અને તે પ્રમાણે ત્રીજે દિવસે હું પરણ્યો.

મોરારજીભાઈના પરિવારમા અપમૃત્યુની પરંપરામા મોરારજીભાઈના એક બહેન દિવાળીના ફટાકડા ફોડવા જતાં આકસ્મિક રીતે દાઝી ગયા. કપડામાં ભડકો થયો અને હોલાવવા પહેલાં ખૂબ મોટા પ્રમાણમાં દાઝી ગયા હતા. પરિણામે હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેઓનું મૃત્યુ થયું. મોરારજીભાઈ માટે આ એક ગંભીર આંચકો હતો. મોરારજીભાઈએ ત્યાર પછી પરિવાર સહિત કયારે પણ ફટાકડા ફોડી દિવાળી ઉત્સવ નહીં મનાવવાનું નક્કી કર્યું. આ એક અકસ્માત હતો.

મોરારજીભાઈના લગ્નજીવનના દસ વર્ષના સહવાસ દરમ્યાન મોરારજીભાઈને ત્યાં પાંચ બાળકો જન્મયા હતા. જે પૈકી બે બાળકો નાની ઉંમરમા ગુજરી ગયા હતા. મોરારજીભાઈ ભલે કહે કે “ભગવાનની ઈચ્છા” હતી પરંતુ આ બંને અપમૃત્યુ માટે મોરારજીભાઈ મહદ્ અંશે જવાબદાર હતા એવું કેટલાકનું માનવું હતું.

મોરારજીભાઈ એલોપેથી ચિકિત્સા પધ્ધતિ અને રોગ પ્રતિકારક વેકસીનના વિરોધી હતા. આખા વિશ્વમાં જયારે વેકસીન માન્ય બન્યું અને પોલિઓ કે શીતળા સામે રસી સચોટ પુરવાર થઈ પરંતુ એ પોતાના બાળકોને રસીકરણ ન કરવાનો નિર્ણય કર્યો હતો. જે અંગે પરિવારમાં સખ્ત વિરોધ થયો છતાં મોરારજીભાઈની જીદ આગળ કોઈનું કશું ચાલ્યું નહિ. પરિવારના કેટલા સભ્યો મોરારજીભાઈના બાળકોના મૃત્યુ માટે મોરારજીભાઈને જવાબદાર ગણતા હતા.

મોરારજીભાઈ જયારે ડેપ્યુટી કલેકટર તરીકે કાર્યરત હતા ત્યારે તેઓના પુત્ર અને પુત્રીને શીતળા આવ્યા હતા. મોરારજીભાઈએ બંને બાળકોનું રસીકરણ કરાવ્યું નહિ હોવાથી બંને જણા શીતળાના ભોગ બન્યા હતા. અંગ્રેજો ભારતમા શીતળાથી બહુ ગભરાતા હતા અને જયારે કલેકટર સાહેબને ખબર પડી કે મોરારજીભાઈના બાળકોને શીતળા આવ્યા છે ત્યારે મોરારજીભાઈને બાળકોને હોસ્પિટલમાં ખસેડી યોગ્ય સારવાર કરવા સુચન કર્યું. જે મોરારજીભાઈએ નકારી કાઢયું અને પોતે તેઓની કુદરતી ઉપચાર પધ્ધતિથી સારવાર કરતા હોવાનું જણાવ્યું. આ રોગ ચેપી હોવાથી અંગ્રેજ અધિકારીઓ સાથે મોરારજીભાઈને વિવાદ થયો અને મોરારજીભાઈને ફરજીયાત રજા ઉપર ઉતારી પાડયા.

મોરારજીભાઈએ પોતાની માન્યતા પ્રમાણે બાળકોની સારવાર કરી અને બાળકો બે-ત્રણ મહિનામા સ્વસ્થ થયા. મોરારજીભાઈના સ્વભાવ પ્રમાણે આ સારવાર યોગ્ય હોવાની વાત મોરારજીભાઈ આત્મકથામાં લખે છે પરંતુ એક વાત તેઓ છુપાવે છે કે શીતળા તો સારો થયો પરંતુ પુત્રી ઈન્દુબેનના શરીરે અને વદન ઉપર શીતળાની નિશાની રૂપ ચાઠા કાયમી રહ્યા. જે કેટલેક અંશે ઈન્દુબેન માટે દુ:સ્વપ્ન સમાન રહ્યા અને ઈન્દુબેન કેટલેક અંશે મોરારજીભાઈને જવાબદાર ગણતા હતા. જે અંગે મોરારજીભાઈ આત્મકથામા મૌન રહ્યા છે પરંતુ જયારે ઈન્દુબેને આત્મહત્યા કરી ત્યારે આ મુદ્દો પણ ચર્ચામા રહ્યો હતો.

મોરારજીભાઈની જીંદગીમા પુત્રી ઈન્દુની આત્મહત્યા મોરારજીભાઈ માટે ખૂબ જ આઘાતજનક બનાવ રહ્યો. ઈન્દુબેનની આત્મહત્યા અંગે હવે પછીના પ્રકરણમા વાત કરીશું.